# ● વાકયનો અર્થ :

મનુષ્યના વિચારની અભિવ્યકિતનો નાનામાં નાનો સ્વયંપૂર્ણ ખંડ તે વાકય.

**વાકયના પ્રકાર**

- રચના અને બંધારણની દષ્ટિએ
  - સાદું વાકય
  - મિશ્ર વાકય / સંકુલ વાકય
  - સંયુકત વાકય
- અર્થ અને ભાવની દષ્ટિએ
  - નિવેદન વાકય
    - વિધિ વાકય
    - નિષેધાત્મક વાકય
  - પ્રશ્ન વાકય
  - આજ્ઞાર્થ વાકય
  - ઉદ્‌ગાર વાકય

## (૧) રચના અને બંધારણની દૃષ્ટિએ વાકયના પ્રકાર

### (૧.૧) સાદું વાકય :

જે વાકયમાં મુખ્ય ક્રિયાપદ એક જ હોય તેવા વિધાનને સાદું વાકય કહે છે.

- દા.ત. :

■ અમદાવાદ શહેર છે. (‘છે’ - એક ક્રિયાપદ)

■ ધંધુકા અર્ધશહેરી વિસ્તાર છે.

## (૧.૨) સંયુકત વાકય :

જયારે બે કે બેથી વધુ મુખ્ય વાકયો વિવિધ સંયોજકોથી જોડાયાં હોય તો તેવી રચનાને સંયુકત વાકય કહે છે.

● દા.ત. :

■ રમેશભાઈ તમે બે આના આપો અને હું પાવલી આપું. (અહીં બંને વાકયોનો સ્વતંત્ર અર્થ સમજી શકાય છે)

■ રામ અને સીતા વનમાં ગયાં. (કર્તા અલગ - ક્રિયા એક)

■ તમે ટી.વી. જુઓ છો અને ભણો છો. (કર્તા એક - ક્રિયા અલગ)

## (૧.૩) મિશ્ર વાક્ય (સંકુલ વાક્ય) :

જેમાં એક મુખ્ય વાક્ય અને એકથી વધુ ગૌણ વાક્યો હોય તેને મિશ્ર અથવા સંકુલ વાક્ય કહે છે.

● દા.ત. :

■ મેં હાથમાં વર્તમાનપત્ર રાખ્યું, વાંચવાનો ડોળ કર્યો અને ટ્રામના કંડકટરને એ બે આની જરા પણ અચકાયા વગર આપી.

# (૨) અર્થ અને ભાવની દૃષ્ટિએ વાક્યના પ્રકાર

## (૨.૧) નિવેદન વાક્ય :

જેમાં હકીકતનું સીધું કથન હોય અથવા નિવેદન કર્યું હોય તેને નિવેદન વાક્ય કહે છે.

- દા.ત. :

- સવારનો સૂર્ય સુંદર લાગે છે.
- વિદ્યાર્થીએ રોજ વાંચવું જોઈએ.

નિવેદન વાકયના ‘હકાર’ અને ‘નકાર’ અનુસાર બે પ્રકાર પડે છે.

(૨.૧.૧) વિધિ વાકય : હકાર સૂચવે છે.

● દા.ત. : હું પુસ્તક વાંચું છું.

(૨.૧.૨) નિષેધ વાકય : નકાર સૂચવે છે.

● દા.ત. : હું પુસ્તક વાંચતો નથી.

## (૨.૨) પ્રશ્ન વાક્ય :

જે વાક્યમાં હકીકત વિશે પ્રશ્ન કરવામાં આવ્યો તેને પ્રશ્ન વાક્ય કહે છે.

- દા.ત. : નેહાનું શું પરિણામ આવ્યું ?

શું, કોણ, ક્યારે, કેમ, કોને, ક્યાં જેવા પ્રશ્નાર્થસૂચક શબ્દોનો ઉપયોગ કરીને વાક્યની રચના થાય છે. પ્રશ્નાર્થસૂચક શબ્દ વાપર્યા વિના પણ પ્રશ્ન વાક્ય બનાવી શકાય.

- દા.ત. : તે પુસ્તક વાંચે છે ?

વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન મૂકવામાં આવે છે.

## (૨.૩) ઉદ્‌ગાર વાક્ય :

જે વાક્યમાં હકીકત વિશે અચરજ, આશ્ચર્ય, નવાઈ, શોક, હર્ષ, ઉલ્લાસ જેવી લાગણીઓ પ્રગટ થતી હોય તેને ઉદ્‌ગાર વાક્ય કહે છે.

● દા.ત. : વાહ ! કેટલી સુંદર સવાર !

આજે આપણે કેવું મધુર ગીત સાંભળ્યું !

અરે, અહા, ઓહ, વાહ, ઓહોહો, અરેરે જેવા ઉદ્‌ગારસૂચક શબ્દોનો ઉપયોગ થતો હોય છે. ઉદ્‌ગાર વાક્યમાં ઉદ્‌ગાર સૂચક શબ્દ પછી અથવા વાક્યને અંતે ઉદ્‌ગારચિહ્ન મૂકવામાં આવે છે.

## (૨.૪) આજ્ઞાર્થ વાક્ય :

જે વાક્યમાં આજ્ઞા, સૂચન, વિનંતી કે હૂકમનો ભાવ દર્શાવાયો હોય તેને આજ્ઞાર્થ વાક્ય કહે છે.

● દા.ત. :

■ મને એક ગ્લાસ પાણી આપો.

■ મહેરબાની કરીને શાંતિ રાખો.